વલસાડની ઘટના જાણીને તમે પણ 20 લિટર ફિલ્ટરવાળા જારનું પાણી પીતા પહેલા સો વાર વિચાર કરશો

તો... દેડકો કાઢીને પાણી પી લ્યો

વલસાડના સોનાનગરમાં પાણીના સપ્લાયરે ફરિયાદ કરનાર ગ્રાહકને ઉદ્ધતભર્યો જવાબ આપ્યો

એક નાગરિકના ઘરે આવેલા સીલબંધ પાણીના બાટલામાંથી જીવતો દેડકો મળી આવતા ચકચાર મચી

વલસાડ : આજના સમયમાં લોકો પ્રદૂષિત પાણીથી બચવા અને શુદ્ધતાની આશાએ 20 લિટરના ફિલ્ટર પાણીના જાર મંગાવતા હોય છે. પરંતુ વલસાડના સોનાનગર વિસ્તારમાં જે ઘટના સામે આવી છે તે જાણીને તમે પણ પાણી પીતા પહેલા સો વાર વિચાર કરશો. અહીંના એક જાગૃત નાગરિકના ઘરે આવેલા સીલબંધ પાણીના બાટલામાંથી એક જીવતો દેડકો મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

વલસાડ અબ્રામા સોનાનગર વિસ્તારમાં 'ગિરીશ' નામની વ્યક્તિએ એજન્સી દ્વારા પાણીના 20 લિટરના બાટલા સપ્લાય કરવામાં આવે છે. વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટ દેખાય છે કે સપ્લાય કરવામાં આવેલો બાટલો હજુ સીલપેક જ છે, છતાં તેના ઉપરના ભાગે ઢાંકણાની નીચે એક દેડકો જીવતો તરી રહ્યો છે. આ દ્રશ્ય જોતા જ પાણીની શુદ્ધતા અને પેકેજિંગ પ્લાન્ટમાં રાખવામાં આવતી સ્વચ્છતા સામે અનેક સવાલો ઉભા થયા છે.

આ બાબતે જ્યારે ગ્રાહકે સપ્લાયરનો સંપર્ક કર્યો, ત્યારે સપ્લાયર દ્વારા જે જવાબ આપવામાં આવ્યો તે વધુ આઘાતજનક હતો. પોતાની ભૂલ સ્વીકારવાને બદલે સપ્લાયરે ગ્રાહકને ઉદ્ધતાઈપૂર્વક કહ્યું કે, દેડકાને બહાર કાઢી લો અને પાણી પી લો. વિડીયોમાં એક મહિલાનો અવાજ પણ આ વાતની પુષ્ટિ કરી રહ્યો છે.

પ્લાન્ટમાં ફિલ્ટરેશનના નિયમોનું પાલન થતું નથી

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ એજન્સી દ્વારા પિરસવામાં આવતી બેદરકારીનો આ કોઈ પ્રથમ કિસ્સો નથી. અગાઉ પણ આ જ સપ્લાયરના પાણીના જારમાંથી દેડકો નીકળ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વારંવાર આવી ભૂલો થવી એ સ્પષ્ટ કરે છે કે પ્લાન્ટમાં ફિલ્ટરેશન કે હાઈજીનના કોઈ પણ નિયમોનું પાલન થતું નથી.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ કાર્યવાહી કરી પ્લાન્ટનું લાયસન્સ રદ કરે

આ ઘટના બાદ સોનાનગરના રહીશોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે. વિડીયો બનાવનાર નાગરિકે અન્ય લોકોને પણ ચેતવણી આપી છે કે કોઈપણ સપ્લાયર પાસેથી પાણી લેતી વખતે તેની બરાબર તપાસ કરવી. લોકો હવે માંગ કરી રહ્યા છે કે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આ એજન્સી સામે કડક કાર્યવાહી કરે. પાણીના પ્લાન્ટનું લાયસન્સ રદ કરવામાં આવે અને જાહેર જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે દાખલારૂપ પગલાં લેવાય.

કરવડ સ્ટોરમાંથી રૂપિયા 2.94 લાખના કોપર સ્ટ્રીપ રોલની ચોરી

વાપી : વાપી નજીકના કરવડ સ્ટોરમાંથી રૂપિયા 2.94 લાખની કિંમતના કોપર સ્ટ્રીપ રોલ ચોરી થઈ હતી. વાપી નજીક ચણોદ સ્થિત શિવ શકિત રેસીડન્સીમાં રહેતો રોહિત નંદલાલ પ્રજાપતિ હરિયાણામાં આવેલી ડેન ઈન્ડિયા પ્રા.લિ. કંપનીમાં નોકરી કરે છે. બુલેટ પ્રોજેક્ટમાં એલ.એન.ટી. કંપની પાસેથી અર્થિંગ સિસ્ટમ ઈન્સ્ટોલેશન કોન્ટ્રાક્ટ રાખેલો છે અને તેનું કામ હાલ ડુંગરામાં ચાલી રહ્યું છે અને કરવડમાં આવેલા સ્ટોરમાં માલસામાન રાખવામાં આવે છે. ગત તારીખ 12-2-26 ના રોજ સ્ટોરમાં સામાન લેવા ગયા ત્યારે રૂમના દરવાજાનું સ્ટોપર તૂટેલું હતું અને અંદરથી કોપર સ્ટ્રીપના રોલ નંગ 6 જેનું વજન આશરે 306 કિલોગ્રામ કિંમત આશરે 2,94,126ની ચોરી થઈ ગઈ હતી. આ બનાવ અંગેની ફરિયાદ રોહિત પ્રજાપતિએ વાપી ડુંગરા પોલીસ મથકે કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

જીવનમાં ગુરુ મળવા સુલભ છે પણ સદ્ગુરુનો યોગ થવો દુર્લભ છે : પદ્મદર્શનસૂરિજી

સુરત : સોમનાથ રોડ સ્થિત નેમનગરના શ્રી ગૌહરબાગ જૈન સંઘના જિનાલયના પરિસરમાં યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાની ગુરુકુલિકાનું નિર્માણ થઇ રહ્યું છે. જેમાં પૂજ્ય ગુરુમૈયાની ચરણપાદુકાની પ્રતિષ્ઠા નિમિત્તે બે દિવસનો ગુરુભક્તિ મહોત્સવ ચાલી રહ્યો છે. પૂ. આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પ્રેરણાથી આ ગુરુકુલિકાનો શ્રી સંઘની ઉદારતાથી સંપૂર્ણ લાભ તારાબેન રતીલાલ શાહે લીધો છે. આ પાવન પળોને ઉજાગર કરતાં પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે કહ્યું હતું કે, જીવનમાં ગુરુ મળવા તો સુલભ છે પણ સદ્ગુરુનો યોગ થવો દુર્લભ છે. જેમ કુટુંબમાં ફેમિલી ડોક્ટર હોય છે તેમ પરિવારમાં ગુરુ પણ હોવા જોઈએ. મનને જ્યાં ખોલી શકાય અને હૈયાથી હળવા થવાય એવા એક ગુરુ હોવા જોઈએ. અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તેને ગુરુ કહેવાય. જેમ ભીતરમાં ભગવાન રાખવાના છે તેમ સદ્ગુરુને પણ હૈયામાં પ્રતિષ્ઠિત કરવાના છે.

ભારત-વિયેતનામ પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપમાં વલસાડના સાંસદની નિમણૂક

વલસાડ : લોકસભા સ્પીકર ઓમ બિરલા દ્વારા ભારત-વિયેતનામ પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપમાં વલસાડના સાંસદ ધવલ પટેલની નિમણૂંક કરાતા સમગ્ર વલસાડ જિલ્લા અને એમના સમર્થકોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. વલસાડના સાંસદની લોકસભા દંડક તરીકે નિમણૂંક બાદ ભારત વિયેતનામ પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપમાં નિમણૂંક કરાતા વલસાડ જિલ્લાનું ગૌરવ વધ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ અમિત શાહ અને એસ. જયશંકરના માર્ગદર્શનથી ભારતના વૈશ્વિક સંબંધો સતત વધુ મજબૂત બની રહ્યા છે. ત્યારે વિયેતનામ વચ્ચેના ઐતિહાસિક તથા મિત્રતાપૂર્ણ સંબંધોને વધુ ગાઢ બનાવવામાં અને નવી ઊંચાઈઓએ પહોંચાડવામાં તેઓ નિષ્ઠાપૂર્વક યોગદાન આપશે.

ગણદેવીમાં માર્ગના નવીનીકરણના કારણે પાંચ દિવસ રસ્તો બંધ રહેશે

બીલીમોરા : ગણદેવી એસટી ડેપો થઈ કોર્ટ ચાર રસ્તા તરફ જતો આવતો રસ્તો મંગળવાર ૨૪/૨/૨૦૨૬ થી પાંચ દિવસ માટે બંધ કરાયો છે. ગણદેવી નગરપાલિકા દ્વારા ડેપો નજીક ગણેશ એપાર્ટમેન્ટથી ચાર રસ્તા સુધી ફોર લેન માર્ગનું કામ હાથ ધરાયુ છે. આ માર્ગ સાડા પાંચ મીટર પહોળો અને 300 મીટર લાંબો છે. જે પોલીમરી ટ્રીટમેન્ટ માર્ગ બની રહ્યો છે. જેને કારણે ગણદેવી ડેપો ઉપર રોજિંદી આવતી જતી ૭૫ જેટલી બસો ડેપો ઉપર આવશે નહીં. રોજિંદા મુસાફરોએ ગામ બહાર ચાર રસ્તા વંદે માતરમ ચોક કે પછી સુગર ફેક્ટરી પાસેના જલારામ સર્કલ સુધી ચકરાવો લેવો પડશે. જેને પગલે વહેલી સવારે કે મોડી રાત્રે આવન જાવન કરતા મુસાફરો અટવાઈ પડશે. જેમણે ગામમાં જવા ખાનગી વાહનો અને આંતરિક માર્ગોનો સહારો લેવો પડશે. આ ઉપરાંત ઉપરોક્ત માર્ગ સ્થિત સ્વસ્તિક હોસ્પિટલ, ખેડૂત મંડળી, બેંક ઓફ બરોડા, બીએસએનએલ, સરદાર ચોક, કોળી પટેલ સમાજ વાડી જેવા સ્થળોએ આવવા જવાની તકલીફ ઊભી થશે.

ઓરવાડ મચ્છી માર્કેટ પાસે જુગાર રમાડતા એક ઝડપાયો

પારડી : પારડીના ઓરવાડ મચ્છી માર્કેટ પાસે વરલી મટકાનો જુગાર રમાડતા એક ઇસમને પોલીસે ઝડપી પાડ્યો હતો. પારડી પોલીસ ટીમને મળેલ બાતમી આધારે ઓરવાડ મચ્છી માર્કેટ પાસે રોડ ઉપર ખડકી રહેતો એક ઈસમ સતિષ બાલુભાઈ પટેલ ઉભેલો હતો. જેના ખિસ્સામાંથી ફરક લખેલી ચિઠ્ઠી તથા રૂપિયા 680 રોકડ મળી આવ્યા હતાં. આંક ફરકની ચિઠ્ઠી લઈ તે સિદ્ધેશ્વરીબેન હીરાલાલ પાસી (રહે. ઓરવાડ મચ્છી માર્કેટ) પાસે જતો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે સિદ્ધેશ્વરીને વોન્ટેડ બતાવી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગ દરબારમાં પ્રોટોકોલ ભંગ મુદ્દે રાજકીય ગરમાવો

ડાંગ દરબારની ઐતિહાસિક પરંપરામાં બદલાવથી રાજવીઓમાં રોષ

ઉદ્ઘાટન રાજ્યપાલના હસ્તે કરવાને બદલે મંત્રીના હસ્તે રાખવામાં આવતા કોંગ્રેસની બહિષ્કારની ચીમકી

સાપુતારા : ડાંગ જિલ્લાની ઐતિહાસિક અને ગૌરવમય ધરોહર સમાન 'ડાંગ દરબાર'ના આયોજનને લઈને આ વર્ષે ગંભીર વિવાદ છેડાયો છે. રાજ્યના પ્રવાસન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે આયોજન થઈ રહ્યું છે, પરંતુ તેમાં પરંપરાગત પ્રોટોકોલ અને ઔપચારિકતા જળવાતી ન હોવાના આક્ષેપો થતાં રાજવીઓ અને જાગૃત નાગરિકોમાં ઉગ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે.

ઇતિહાસ સાક્ષી છે કે સને ૧૮૧૮ થી ૧૮૪૮ દરમિયાન અંગ્રેજ શાસન સામે અજેય રહેલા ડાંગના પાંચ રાજવીઓએ જંગલના લાકડાની લીઝ પ્રણાલી સ્વીકારી હતી. આ કરાર મુજબ, હોળી પૂર્વે ત્રણ દિવસીય દરબાર યોજી રાજવીઓને 'પોલિટિકલ પેન્શન' (સાલિયાણું) આપવાની પ્રથા શરૂ થઈ હતી. આઝાદી બાદ પણ આ પ્રથા યથાવત્ રહી છે, જેમાં રાજ્યના સર્વોચ્ચ બંધારણીય પદ પર બિરાજમાન રાજ્યપાલના હસ્તે રાજવીઓને સન્માનપૂર્વક રકમ એનાયત કરવામાં આવે છે. રદ્ ફેબ્રુઆરીથી 3 માર્ચ દરમિયાન યોજાનારા આ મહોત્સવમાં આ વખતે પ્રોટોકોલમાં ફેરફારના સમાચાર વહેતા થયા છે. ઉદ્ઘાટન સમારંભમાં રાજ્યપાલના સ્થાને રાજકીય નેતાઓની હાજરી રાખવામાં આવી હોવાની ચર્ચાએ રાજવીઓમાં નારાજગી જન્માવી છે. રાજવીઓનું માનવું છે કે આ ફેરફાર તેમની ઐતિહાસિક માન-મર્યાદા અને અસ્મિતા સાથેના ચેડાં સમાન છે.

ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરેએ આ મુદ્દે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું કે, ડાંગ દરબાર એ કોઈ સામાન્ય સાંસ્કૃતિક ઉત્સવ નથી, પરંતુ તે આદિવાસી સંસ્કૃતિના સ્વાભિમાનનું પ્રતીક છે. તેને રાજકીય રંગ આપવો એ અયોગ્ય છે. સ્થાનિકોમાં ગણગનાટ છે કે કરોડોનો ધુમાડો ભવ્ય મંચ અને પ્રચાર પાછળ થઈ રહ્યો છે, પરંતુ આયોજનમાં અસલ ઓળખ ગૌણ બની ગઈ છે. જાગૃત નાગરિકોની માંગ છે કે રાજ્ય સરકાર તુરંત હસ્તક્ષેપ કરી રાજવીઓની ગરિમા અને પરંપરા અક્ષુણ્ણ રાખે, જેથી ડાંગની સાંસ્કૃતિક ધરોહરનું અપમાન ન થાય.

ખેરગામ તાલુકા પંચાયતના વિવાદમાં જવાબ માંગવામાં આવ્યો

પ્રમુખ અને ટીડીઓએ 7 દિવસની લેખિતમાં બાંહેધરી આપતા ધરણા સમેટાયા

ખેરગામ : ખેરગામ તાલુકા પંચાયતમાં સોમવારે યોજાયેલી સામાન્ય સભા દરમિયાન વિપક્ષ દ્વારા પૂછવામાં આવેલા કેટલાક પ્રશ્નોને લઈને ભારે હંગામો સર્જાયો હતો. વિપક્ષના જણાવ્યા મુજબ, સભામાં ચર્ચા દરમિયાન ઉઠાવાયેલા કેટલાક મુદ્દાઓને ટાળવામાં આવ્યા અને સંતોષકારક જવાબ આપવામાં આવ્યા ન હતાં. જેના કારણે સભામાં ગેરવ્યવસ્થા સર્જાઈ હતી અને ત્યારબાદ પ્રમુખ સામાન્ય સભા અધૂરી મુકી નીકળી ગયા હતા. તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ પટેલ દ્વારા "પ્રશ્નો એજન્ડામાં સામેલ નથી" એવો જવાબ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતોષકારક જવાબ ન મળતા વિરોધ પક્ષના સભ્યો સુભાષ પટેલ, નીલમ પટેલ, મમતા પટેલ અને વિભા પટેલે ધરણા પર બેસીને વિરોધ નોંધાવ્યો હતો. અને સમગ્ર મામલે નિષ્પક્ષ તેમજ ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી હતી.

આ ઘટનાની જાણ થતાં કોંગ્રેસના નવસારી જિલ્લા પ્રમુખ શૈલેષ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ શશિન પટેલ તાલુકા પંચાયત કચેરીએ પહોંચ્યા હતાં. શૈલેષ પટેલ દ્વારા તાલુકા વિકાસ અધિકારી પાસે મુદ્દાસર જવાબ માંગવામાં આવ્યો હતો. પરંતુ ટીડીઓ દ્વારા તાત્કાલિક કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નહોતો અને સાત દિવસનો સમય માંગવામાં આવ્યો હતો. સમગ્ર મામલે રાજકીય માહોલ ગરમાયો છે.

વાબ નહીં મળે તો કચેરીનો ઘેરાવ કરીશું

અમારા તાલુકા પંચાયતના સભ્યો કેટલાક પ્રશ્નો લઈ સામાન્ય સભામાં ગયા હતા જ્યાં તેઓને સંતોષકારક જવાબ ન મળતા તેમણે ધરણા પર બેસવું પડ્યું હતું, જેની જાણ થતાં સાંજે અમે તાલુકા પંચાયત કચેરી પહોંચી તાલુકા વિકાસ અધિકારી સામે પ્રશ્નો રજૂ કર્યા હતાં. જવાબમાં ટીડીઓએ સાત દિવસમાં જવાબ આપવાની ખાતરી આપી છે અને અમને જવાબ નહીં મળે તો અમે તાલુકા પંચાયત કચેરીનો ઘેરાવ કરીશું અને જવાબ માંગીશું.

- શૈલેષ પટેલ, નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ

ડાંગ દરબારના મેળામાં ૪૫ થી વધુ સખી મંડળના સ્ટોલ ઊભા કરાશે

સાપુતારા : ડાંગ ડાંગ દરબારનો તા.૨૬/૨/૨૦૨૬ થી પ્રારંભ થનાર છે. આ મેળો તા.૩/૩/૨૦૨૬ સુધી આહવા ખાતે યોજાશે. આ લોકમેળામાં ૪૫ થી વધુ સ્થાનિક સખી મંડળના સ્ટોલ તથા બહારના ૯૫૦ થી વધુ વેપારીઓને પ્લોટની ફાળવણી કરી દેવામાં આવી છે. જિલ્લાના અન્ય સખી મંડળોને સ્ટોલ ફાળવણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડાંગ દરબારનો મેળો મ્હાલવા આવતા પ્રજાજનોને 'પ્રાકૃતિક ડાંગ' ની વિવિધ પેદાશો, સાથે હસ્તકલાની ચીજ વસ્તુઓ ખરીદવાનો લહાવો મળી રહે તે માટે ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ તંત્રે સખી મંડળોના સ્ટોલ્સ ઊભા કરી, મહિલાઓને આત્મનિર્ભર બનાવવા રોજગારી મળી રહે હે હેતુસર પ્રયાસો હાથ ધર્યા છે.

ખાનપુરથી કરવડ સુધીના માર્ગ માટે 647 કરોડ મંજૂર

વલસાડના સાંસદની રજૂઆત રંગ લાવી : 21.25 કી.મી. નો માર્ગ કોંક્રિટનો બનશે : માર્ગ ઉપરના તમામ 5 જૂના પુલો તોડી નવા બનાવાશે

વલસાડ : અને વલસાડ સાંસદ ધવલ પટેલના પ્રયાસોને મોટી સફળતા મળી છે. નવસારી અને વલસાડ જિલ્લાઓને જોડતા અને વાંસદા, ધરમપુર, નાનાપોંઢા સહિતના તાલુકાઓને સમાવતા નેશનલ હાઈવે-56 ના ખાનપુરથી કરવડ સેક્શનના નવીનીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા 647.20 કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. કુલ 45 કી.મી.ના નવીનીકરણ માર્ગમાં કુલ 21.25 કી.મી.નો માર્ગ કોંક્રિટનો બનશે. સાથે આ માર્ગ ઉપરના તમામ 5 જૂના પુલો તોડી નવા બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ, નવસારી જિલ્લાના ખાનપુરથી શરૂ થઈ વલસાડ જિલ્લાના વાપી નજીકના કરવડ સુધી નિર્માણ થનારા આ માર્ગ વિસ્તારમાં પડતા ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, રસ્તાની ટકાઉપણું જાળવવા માટે રોડ કોંક્રિટથી બનાવવામાં આવશે. માર્ગના નિર્માણમાં આધુનિક ઈન્ટરસેક્શન અને સુરક્ષા સુવિધાઓને કારણે અકસ્માતોના પ્રમાણમાં મોટો ઘટાડો થશે.

જનતાની સુખાકારી અને આધુનિક કનેક્ટિવિટીને પ્રાથમિકતા

સાંસદ ધવલ પટેલે જણાવ્યું કે, વલસાડ-ડાંગની જનતાની સુખાકારી અને આધુનિક કનેક્ટિવિટી એ મારી પ્રાથમિકતા છે. NH-56 ના આ પ્રોજેક્ટથી વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ મળશે. અત્યંત મહત્વના આ માર્ગ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીને લેખિત રજૂઆતો કરી હતી. સાથે મંત્રીઓને પણ આ સ્થળનું નિરીક્ષણ કરાવીને સ્થાનિકોની હાલાકી અને પ્રોજેક્ટની જરૂરિયાત સમજાવી હતી. મહત્વના આ માર્ગની મંજૂરી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ડાંગના ભીલ રાજાઓની ઉપસ્થિતિમાં સ્નેહમિલનનું આયોજન

સાપુતારા : ડાંગ જિલ્લાની પવિત્ર અને ઐતિહાસિક ભૂમિ પર તાજેતરમાં સમસ્ત ભીલ સમાજનું એક વિશાળ સ્નેહમિલન સંમેલન યોજાઈ ગયું, જેમાં ડાંગના ગૌરવ સમાન પાંચેય ભીલ રાજાઓએ વિશેષ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. આ સંમેલન માત્ર એક મિલન નહીં, પરંતુ સમાજની અસ્મિતા, ભીલ સંસ્કૃતિના રક્ષણ અને જંગલોના સંવર્ધન માટેનો એક મજબૂત મંચ બન્યું હતું.

રાજાઓએ જણાવ્યું હતું કે, જંગલ એ માત્ર આપણી આજીવિકા નથી પરંતુ આપણી ઓળખ છે. અંગ્રેજો સામેના સંઘર્ષના દિવસોને યાદ કરતા જણાવવામાં આવ્યું હતું કે, જે રીતે પૂર્વજોએ જંગલ બચાવવા માટે બ્રિટિશ સત્તાને પણ ધૂળ ચટાડી હતી, તેવી જ રીતે આજના આધુનિક સમયમાં પણ આપણી રૂઢિગત પરંપરાઓ અને સંસ્કૃતિને બચાવવી અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલના હસ્તે જાહેરમાં તેમનું સન્માન કરવાની ગૌરવશાળી પ્રથા આજે પણ અકબંધ છે.

આ સ્નેહમિલન દરમિયાન સમાજના આગેવાનો અને ભીલ રાજાઓ દ્વારા સરકાર સમક્ષ કેટલીક પાયાની માંગણીઓ પણ મૂકવામાં આવી હતી. જેમાં વર્ષો જૂની 'પોલીસ પટેલ'ની પ્રથાને ફરીથી સક્રિય અને મજબૂત કરવાની અપીલ કરવામાં આવી હતી.

સરકારી નાળા અને રસ્તા પર દબાણના આક્ષેપથી મરિયમપુરા ગરમાયું

કેદારેશ્વર મંદિર પાછળ બાંધકામ સામે રાણા સમાજનો રોષ

તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવા રજૂઆત નહીં તો પરિણામની ચેતવણી

નવસારી : શહેરના મરિયમપુરા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક શ્રી કેદારેશ્વર મહાદેવ મંદિર અને રાણા સમાજની વાડી પાછળ ચાલી રહેલા બાંધકામને લઈને ભારે વિવાદ ઉભો થયો છે. નવસારી રાણા સમસ્ત પંચ દ્વારા કલેક્ટર, મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર સુધી લેખિત રજૂઆત કરીને આક્ષેપ કર્યો છે કે વર્ષો જૂના સરકારી નાળા અને અંદાજે 12 ફૂટ પહોળા જાહેર માર્ગની જમીન પર દબાણ કરીને એપાર્ટમેન્ટનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે.

સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ સરકારી નાળા પર દબાણ થવાથી વરસાદી પાણીના નિકાલમાં ગંભીર અવરોધ ઊભો થઈ શકે છે, જે ભવિષ્યમાં પાણી ભરાવા અને જાનમાલના નુકસાન જેવી પરિસ્થિતિ સર્જી શકે છે. સાથે જ જાહેર રસ્તાની જગ્યા ઘટતા આગ જેવી આપત્તિ કે અન્ય ઈમરજન્સી દરમિયાન રાહત અને બચાવ કામગીરીમાં પણ મુશ્કેલી ઊભી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિકોએ જણાવ્યું છે કે વિસ્તાર સંવેદનશીલ હોવા છતાં અગાઉ પણ સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ ધ્યાન દોરવામાં આવ્યું હતું, પરંતુ છતાં બાંધકામની કામગીરી યથાવત ચાલુ રહેતા તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે. લોકોનો સવાલ છે કે સરકારી નાળા અને જાહેર રસ્તા જેવી જાહેર મિલ્કત પર દબાણ થઈ રહ્યું હોય તો તંત્ર મૌન કેમ છે?

રાણા સમાજે કડક ચેતવણી આપી છે કે જો સમયસર દબાણ દૂર કરવામાં નહીં આવે અને ભવિષ્યમાં કોઈ પ્રકારની કોમી અશાંતિ અથવા જાનમાલનું નુકસાન થાય, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્ર અને તે સમયે ફરજ પર રહેલા અધિકારીઓની રહેશે. આ રજૂઆતની નકલ સ્થાનિક ધારાસભ્ય તથા જિલ્લા પોલીસ અધિક્ષકને પણ મોકલી તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરવામાં આવી છે.

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાન્ચ નથી
916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ
₹1,39,990/- પ્રતિ 10 ગ્રામ *શરતોને આધીન
ડાયમંડ • પ્લેટીનમ • ગોલ્ડ • સિલ્વર
આર. એ. પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો. 9825558181

ટાઈટલ ક્લીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે જીલ્લો **વલસાડ**, તાલુકો **વલસાડ**ના મોજે ગામ **વાઘલધરા**ના જુના **સર્વે/બ્લોક નંબર : ૯૩ પૈકી ૧**, જેનો નવો **બ્લોક નંબર : ૩૫૬ થી** નોંધાયેલ બિનખેતીની જમીન **જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૯૮-૭૫ ચો. મી.** વાળી બિન ખેતીની જમીન તથા જીલ્લો **વલસાડ**, તાલુકો **વલસાડ**ના મોજે ગામ **વાઘલધરા**ના જુના **સર્વે/બ્લોક નંબર: ૯૩ પૈકી ૧**, જેનો નવો **બ્લોક નંબર : ૩૫૯ થી** નોંધાયેલ બિનખેતીની જમીન **જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૧૧-૯૬ ચો. મી.** વાળી બિન ખેતીની જમીન **(૧) તુષારભાઈ અરવિંદભાઈ શાહ તથા (૨) મનોજભાઈ અરવિંદભાઈ શાહ** ની માલીકીની ચાલી આવેલી છે પરંતુ ઉપરોક્ત મીલકતના અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજો પૈકી **રજુ. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૫૩૫, તા.૦૩/૦૯/૧૯૮૩ તથા અનુક્રમ નં. ૨૫૭૨ થી તા.૨૧/૧૦/૧૯૯૧ ઓરીઝનલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફીની ઓરીઝનલ પાવતી** ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. તે ઓરીઝનલ રજી. વેચાણ 'દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી શોધવા છતાં મળી આવેલ નથી. સદરહું ઓરીઝનલ રજી. વેચાણ દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી મળવા તથા તેના પરના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, હિસ્સો હોઈ કે કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે બોજો હોઈ કે કોઈના સાટાખાતની રૂએના કે કુલ મુખત્યારનામા ની રૂએના હકકો હોઈ કે ખોરાકી પોષાકીના કે વારસાઈ હકકો હોઈ કે કોઈપણ પ્રકારનાં અગ્ર હકક, હિત, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તથા ઉપરોકત જમીન અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. જેથી સદર જમીન મીલકતમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, કબજો, સાટો, ભોગવટો, સંબંધ કે દાવો, લીયન બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન-૦૭ માં ઓરીઝનલ ડોકયુમેન્ટ તથા લેખીત પુરાવાઓ લઈ અમારા અસીલ તર્ફે અમોને મળવુ. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની ઓરીઝનલ રજી. વેચાણ દસ્તાવેજો તથા તે દસ્તાવેજોની પાવતી કે 'કબજા બાબતની કે અન્ય તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, તેમજ ઉપરોકત જમીન મુળ જમીન માલીકોને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ તેના મુળ માલીક યાને **(૧) તુષારભાઈ અરવિંદભાઈ શાહ તથા (૨) મનોજભાઈ અરવિંદભાઈ શાહ** પાસેથી મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફીસ : ૪૦૫, રાઈઝ ઓન પ્લાઝા, સરથાણા જકાતનાકા, સુરત. મો.નં. ૯૮૨૪૩-૬૬૯૧૬
ભરત પી. ડોબરીયા એડવોકેટ